# મોડાસાની ખાનગી શાળામાં શિક્ષકે ધો-૬ના વિદ્યાર્થીને ફટકારતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યા બાદ સમાધાન

મોડાસા, તા.૧૬

સમાજનાં ઘડતરમાં અને બાળકોનાં વિકાસમાં શિક્ષકોનો મહત્વપૂર્ણ ફાળો રહેલો છે. જો કે કેટલીક ઘટનાઓ શિક્ષકોની છબીને બગાડતી હોય છે. બાળકોને અહિંસાનાં પાઠ શીખવતા ક્યારેક શિક્ષકો જ ડંડાનો સહારો લેતા હોય છે. મોડાસાની ખાનગી શાળામાં ધોરણ-૬ માં અભ્યાસ કરતા બાળકો મસ્તી કરતા શિક્ષકે પિત્તો ગુમાવતા એક બાળકને થપ્પડો મારતા બાળકના શરીરે ઉઝરડા અને લાલ ચકામા ઉપસી આવ્યા હતા શિક્ષણ ભય થી સતત ફફડતા બાળક ઘરે જઈ અસહ્ય પીડા સહન કરી માતાપિતાને જણાવ્યું ન હતું પણ આખરે અસહ્ય મારથી બાળકના પીઠ પર લાલ ઉઝરડા ઉપસી આવતા પિતાએ બાળકને પુછાતા બાળકે રડતા-રડતા પિતાને સમગ્ર ઘટના અંગે વાત કરતા પિતાનો ગુસ્સો આસમાને પહોંચતા આવા શિક્ષકને કાયદાના પાઠ



ભણાવવાનું નક્કી કરી મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને પહોંચતા ખાનગી શાળાના આચાર્ય અને મંડળના ટ્રસ્ટીઓને જાણ થતા વાલીનો સંપર્ક કરી પોલીસ સ્ટેશને પહોંચી સમજાવટ હાથધરી શાળાનું નામ ખરાબ ના થાય અને શિક્ષકે નોકરીથી હાથધોવા ના પડે તે માટે આખરે બાળકના પિતાએ પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

મોડાસાની ખાનગી શાળામાં શનિવારે શિક્ષકે અહિસંક બની ધો-૬ના વિદ્યાર્થી પર તૂટી પડતા બાળકના શરીરે ઈજાઓ થતા ચકચાર મચી હતી બાળકના પીઠના ભાગે લાલ ચકામા ઉપસી આવતા અને બાળકથી દર્દ સહન ન થતા બાળકના પિતા મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અપાવી હતી કુમળા બાળકો સાથે વારંવાર મારપીટ કરતા શિક્ષકની અનેક બૂમો અગાઉ અનેક બાળકો અને વાલીઓમાં ઉઠી હતી ત્યારે બાળકના પિતાએ આ શિક્ષકનો ભોગ અન્ય બાળકો ન બને તે માટે કાયદાનું ભાન કરાવવા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને પહોંચતા આ અંગેની જાણ શૈક્ષણિક સ્ટાફ અને ટ્રસ્ટી મંડળને થતા પોલીસ સ્ટેશને પહોંચી બાળકના પિતાને સમજાવી સમાધાન પક્રિયા હાથ ધરી હતી.

બાળકના પિતાના જણાવ્યા અનુસાર શાળાના આચાર્ય અને ટ્રસ્ટી મંડળના હોદ્દેદારોએ શિક્ષક સામે શિક્ષાત્મક પગલાં લેવા અને શિક્ષક પાસે સોમવારે માફીનામું લેખિતમાં લખી આપવાની બાંહેધરી આપી હોવાનું જણાવ્યું હતું.

# હિંમતનગરમાં પબજી ગેમ રમતા ૧૨ યુવાનો પકડાયા

હિંમતનગર, તા. ૧૬

રાજ્ય સરકાર દ્વારા મોબાઈલમાં રમાતી પબજી અને મોમો ચેલેન્જર ગેમ રમવા પર પ્રતિબંધ લદાયો છે ત્યારે તેના ભાગરૂપે સાબરકાંઠા કલેક્ટરે તે અંગે જાહેરનામુ પ્રસિદ્ધ કરતા મોબાઈલમાં આવી ગેમ રમતા લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે ત્યારે ગુરૂવારે રાત્રે અને શુક્રવારે હિંમતનગર એ અને બીડીવીઝન પોલીસે ૧૨ યુવાનોને આ ગેમ રમતા રંગેહાથ ઝડપી લઈ તેમની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# ભિલોડાના ભાણમેર નજીક બાઈક ઝાડ સાથે અથડાતા ૩ આશાસ્પદ યુવાનોના ઘટનાસ્થળે મોત

અરવલ્લી જીલ્લામાં માર્ગ અકસ્માતની ઘટનાઓમાં દિનપ્રતિદિન નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. અકસ્માતની ઘટનાઓનો સિલસિલો યથાવત રહેતા ભિલોડા તાલુકાના ભાણમેર ગામ નજીક ગામના જ પલ્સર બાઈકના ચાલક યુવકે અગમ્ય કારણોસર સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા રોડ નજીક ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ બાજુમાં આવેલા મકાનની દીવાલ સાથે બાઈક ભટકાતા બાઈક ચાલક યુવક સહીત બે આશાસ્પદ યુવકોના ઘટનાસ્થળે મોત નિપજતા પરિવારજનોએ હૈયાફાટ રુદન કરી મુકતા ભારે ગમગીની છવાઈ હતી. ભિલોડા પોલીસે અકસ્માતની ઘટનાના પગલે ઘટનાસ્થળે પહોંચી ત્રણે યુવકોના મૃતદેહને પી.એમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

ભાણમેર ગામનો નિર્મલ રમેશભાઈ ગામેતી (ઉં.વર્ષ-૨૨) તેનું પલ્સર બાઈક લઈ તેના મિત્ર અર્જુન ગલજી ભાઈ પરમાર (ઉં.વર્ષ-૨૦) અને અલ્પેશ રમેશચંદ્ર કલાસવા (ઉં.વર્ષ-૧૮) સાથે બુધવારે રાત્રીના ૯ વાગ્યાના સુમારે ગામ નજીકથી પસાર થતા સમયે પુરપાટ ઝડપે બેફામ રીતે બાઈક હંકારી બાઈક ચાલકે બાઈક



ઝાડ સાથે ધડાકાભેર ટકરાવી બાજુમાં આવેલા મકાનની દીવાલમાં ઘુસાડી દેતા બાઈક ચાલક યુવક સહીત પાછળ બેઠેલા બંને યુવકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું ગામલોકો અને પરિવારજનો દોડી આવ્યા હતા. એક સાથે ગામના ત્રણ યુવકો અકસ્માતમાં મોતને ભેટતા પરિવારજનો અને ગામ હીબકે ચઢ્યું હતું. ભિલોડા પોલીસે અકસ્માત સ્થળે પહોંચી ભિલોડા પીએમ કરાવી ત્રણે મૃતક યુવાનોના મૃતદેહ પરિવારજનોને સોંપતા હૈયાફાટ રુદન કરતા વાતાવરણ ગમગીન બન્યું હતું. ભિલોડા પોલીસે ભાણમેર ગામના રમેશ ભાઈ જીવાભાઈ ગામેતીની ફરિયાદના આધારે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# મોડાસામાં ચાઈનીઝ દોરીથી ઈજાગ્રસ્ત થયેલ ઘુવડ મળી આવતા જીવદયાપ્રેમીઓએ સારવાર હાથ ધરી

મોડાસા, તા.૧૬

તાંત્રિક વિધિમાં તાંત્રિકો ઘુવડની બલી ચઢાવતા હોવાથી ઘુવડની પ્રજાતિ નામશેષ થઈ રહી



છે તેમાંય સફેદ ઘુવડની પ્રજાતિ દુર્લભ ગણાતી હોવાથી અને તાંત્રિકોમાં વિશેષ મહત્વ હોવાથી લાખ્ખો રૂપિયા ખર્ચાતા હોય છે. મોડાસાની માણેકબાગ સોસાયટીમાંથી ચાઈનીઝ દોરીથી ઈજાગ્રસ્ત બનેલું ઘુવડ જમીન પર પટકાતા કુતરાઓએ ઘેરી લેતા સ્થાનિક યુવકે બચાવી જીવદયા પ્રેમી નિલેશભાઈ જોશીને જાણ કરતા તાબડતોડ પહોંચી કરૂણા અભિયાન એમ્બ્યુલન્સના સહયોગથી ઈજાગ્રસ્ત ઘુવડનું ઓપરેશન હાથ ધરી બચાવી લીધું હતું. વનવિભાગ ટીમને જાણ કરી હતી.

મોડાસામાં દુર્લભ પ્રજાતિમાં આવતું સફેદ ઘુવડ રહેણાંક વિસ્તાર માણેકબાગ સોસાયટીમાં યાજ્ઞિક ચૌહાણના ઘર નજીક ચાઈનીઝ દોરીથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં આકાશ માંથી જમીન પર પટકાતા જીલ્લામાં જીવદયા પ્રેમી તરીકે જાણીતા નિલેશભાઈ જોશીને જાણ કરતા તેમની ટીમ સાથે પહોંચી ઈજાગ્રસ્ત ઘુવડની પ્રાથમિક સારવાર આપી કરુણા અભિયાન એમ્બ્યુલન્સને જાણ કરતા તબીબના સહયોગ થી ઓપરેશન હાથધરી ઘુવડને બચાવી લીધું હતું અને ઘુવડની સલામતી માટેઆ દુર્લભ ગણાતું ઘુવડ કોઈ તાંત્રિક કોઈ અન્યના હાથમાં ન આવી જાય તે માટે તકેદારીના પગલાં રૂપે નગરપાલિકાના બગીચામાં રાખવામાં આવ્યું હતું. ત્યાંથી ફોરેસ્ટ ખાતાને જાણ કરવામાં આવી હોવાનું નિલેશભાઈ જોશીએ જણાવ્યું હતું.



સાબરકાંઠાના તાલુકા મથક તલોદના બજારમાં શ્રી અંબાજી માતાજીના ચોકમાં એક કારમાં અણધારી આકસ્મિક આગ ફાટી નિકળતા અફડા તફડીનો માહોલ ઉદભવ્યો હતો. નગરના યુવાનોએ ઘટના સ્થળે દોડી પહોંચીને સતત પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ કરી લીધો હતો. સદભાગ્યે કોઈ હાનિ કે જાનહાનિ થવા પામી ન હતી.

## બામણાની મહિલાને ત્રાસ અપાતા ત્રણ વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર તાલુકાના બામણા ગામની મહિલાને તેણીના પતિ તથા સાસુ અને સસરા દ્વારા ઘરકામ બાબતે ઝઘડો કરી શારિરીક અને માનસિક ત્રાસ આપી તારા બાપાના ઘરે જતી રહે તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ ગુરૂવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે બામણા ગામના શિલ્પાબેન રમણભાઈ રાઠોડે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ છેલ્લા બે માસથી તેમના સાસરીપક્ષના બિપીનભાઈ મણાભાઈ સોલંકી, ગીતાબેન મણાભાઈ સોલંકી અને મણાભાઈ માલાભાઈ સોલંકી દ્વારા ઘરકામ બાબતે ઝઘડો કરી ત્રાસ આપવાનું શરૂ કરાયુ હતુ.

# બનાસકાંઠા લોકસભા બેઠક પર માલધારી આગેવાન માવજીભાઈ દેસાઈની પ્રબળ દાવેદારી

**ઈતર સમાજના ઉમેદવાર તરીકે ખેડૂત-વેપારી અગ્રણી માવજીભાઈ દેસાઈએ બાયોડેટા રજૂ કર્યો : માલધારી સમાજ દ્વારા એક માત્ર બનાસકાંઠા જિલ્લામાં ભાજપ પાસે ટિકિટની માગણી કરાઈ**

ડીસા, તા.૧૬

બનાસકાંઠા લોકસભા બેઠક માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા નિમણૂક કરેલ નિરીક્ષકોએ શુક્રવારે ડીસા ખાતે લોકસભા ચૂંટણી માટે અપેક્ષિત આગેવાનો અને કાર્યકરોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. જેમાં ઈતર સમાજના પ્રબળ ઉમેદવાર તરીકે માલધારી સમાજના આગેવાન અને ખેડૂત-વેપારી માવજીભાઈ દેસાઈનું નામ ઉભરી આવ્યું હતું.



ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા બનાસકાંઠા લોકસભા બેઠક માટે નિરીક્ષક તરીકે ગુજરાત સરકારના સિનિયર કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, બનાસકાંઠા જિલ્લા ભાજપ પ્રભારી દુષ્યંતભાઈ પંડયા અને કૌશલ્યા કુવરબાની નિમણૂક કરવામાં આવી હતી. જેથી નિરીક્ષકોએ શુક્રવારે ડીસા ખાતે બનાસકાંઠા લોકસભા વિસ્તારમાં સમાવિષ્ટ વિધાનસભા સીટ વાઈઝ મંડળના અપેક્ષિત આગેવાનો અને કાર્યકરોના અભિપ્રાય મેળવ્યા હતા. નિરીક્ષકો સમક્ષ ગુજરાત સરકારના પૂર્વ મંત્રી અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી, જિલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ, બનાસકાંઠાના સાંસદ હરિભાઈ ચૌધરી, પાટણના સાંસદ લીલાધર વાઘેલા, ડીસા માર્કેટયાર્ડ ચેરમેન અને બનાસ ડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈએ ચૂંટણી લડવા ઈચ્છા વ્યકત કરી હતી.

બનાસકાંઠા લોકસભા બેઠક માટે ઈતર સમાજમાંથી રબારી-માલધારી સમાજના આગેવાન, બનાસ ડેરીના વાઈસ ચેરમેન, ડીસા માર્કેટયાર્ડના ચેરમેન, બનાસ મેડીકલ કોલેજના પ્રમુખ અને ખેડૂત-વેપારી અગ્રણી માવજીભાઈ દેસાઈએ પ્રબળ દાવેદારી રજુ કરી હતી. આમ, બનાસકાંઠા લોકસભા બેઠક ઉપર ઈતર સમાજમાથી માવજીભાઈ દેસાઈનું નામ ઉભરી આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર ગુજરાતમાં માલધારી સમાજની જન સંખ્યા નોંધપાત્ર છે. જેમાં ગુજરાતમાંથી એકમાત્ર બનાસકાંઠા લોકસભા બેઠક પર માલધારી સમાજ દ્વારા ભાજપ પાસે ટિકિટની માગણી કરવામાં આવી છે.

# હિંમતનગર પાલિકા દ્વારા ૧૪ મિલ્કતો સીલ કરાઈ : ૧૩થી વધુ નળ કનેક્શન કાપી નંખાયા

હિંમતનગર, તા. ૧૬

આગામી ૧૫ દિવસ બાદ વર્ષ ૨૦૧૮નું નાણાંકીય વર્ષ પણ થવા જઈ રહ્યુ છે ત્યારે હિંમતનગર પાલિકા દ્વારા શહેરના બાકીદારોને તેમના ટેક્ષના બાકી નાણા ભરી જવા માટે અવારનવાર તાકીદ કરાઈ હોવા છતાં કેટલાક બાકીદારો કઈ ગણકારતા નથી. જેથી પાલિકાએ શનિવારે ટેક્ષની વસુલાત માટેની ઝુંબેશ શરૂ કરીને ૧૪ બાકીદારોને મિલ્કતો સીલ કરી દેવામાં આવી હતી તથા અન્ય ૧૩ બાકીદારોના પામીના કનેક્શન કાપી નાખવામાં આવ્યા હતા. જેને લીને બાકીદારોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

આ અંગે પાલિકાના ટેક્ષ વિભાગના વડા હેમંતભાઈ ઘુવાડના જણાવાયા મુજબ પાલિકા દ્વારા છેલ્લા કેટલાક સમયથી વસુલાત કરવા માટે ઝુંબેશ ચલાવાઈ રહી છે તેમ છતાં કેટલાક બાકીદારો તેને ગંભીરતાપૂર્વક લેતા નથી જેથી પાલિકાએ શનિવારે સ્ટાફ સાથે વસુલાતની ઝુંબેશ શરૂ કરી હતી. જેના ભાગરૂપે ૧૪ બાકીદારોની મિલ્કત સીલ કરી દેવામાં આવતા લોકો જોવા ઉમટ્યા હતા. દરમિયાન હિંમતનગર પાલિકામાં ચીફ ઓફીસર તરીકે ફરજ બજાવતા અલ્પેશકુમારની કડક કાર્યવાહીના આદેશને લીધે પાલિકાને એક જ દિવસમાં રૂ. ૭ લાખથી વધુની આવક થવા પામી છે.

ટેક્ષ વસુવલાતની ઝુંબેશ દરમ્યાન નગરપાલિકાએ ૧૩થી વધુ પાણીના કનેક્શનો કાપી નાખતા બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે. તથા કડક વસુલાતની કામગીરી ચાલુ રાખીને જરૂર પડે કાયદાની મર્યાદામાં રહીને પાલિકાના સત્તાવાળાઓ મિલ્કતોની હરાજી કરવા સુધીના પગલા લેવાનું વિચારી રહ્યા છે. જેથી બાકીદારોએ સત્વરે પાલિકાનો ટેક્ષ ભરી જવા માટે તાકીદ કરાઈ છે.

# પાલનપુર તાલુકાના પશુપાલકો સાથે દૂધ દિનની ઉજવણી અને મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા.૧૬

બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ સંઘ, પાલનપુર (બનાસ ડેરી) અને



જી.સી.એમ.એમ.એફ.ના સંયુક્ત ઉપક્રમે આયોજીત દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમની ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં પાલનપુર તાલુકાની ઉજવણી મોરીયા ખાતેની બનાસ મેડીકલ કોલેજ કેમ્પસ ખાતે કરવામાં આવેલ હતી.

પશુપાલકોના હીતોના રક્ષણ માટે અત્યંત કરકસરયુક્ત કાર્યપ્રણાલી બનાસ ડેરીએ અપનાવી હોવાનું જણાવીને ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ આવા અનેકોવિધ ફેરફારનો છેવટનો ફાયદો જીલ્લાના પશુપાલકોને મળતો હોવાનું જણાવ્યું હતુ. વધુમાં મંદીના સમયગાળા દરમ્યાન કેન્દ્ર અને રાજ્ય સરકારે દૂધના પાઉડરના ભાવમાં વૈશ્વિક કક્ષાએ આવેલા ધરખમ ઘટાડાને કારણે પશુપાલકોના હિતોને ધ્યાને રાખીને ઉદાર વલણ અપનાવી જે રૂ. ૧૬૦ કરોડથી વધુની સબસીડી આપી તેના કારણે આ કપરો સમય આપણે પસાર કરી શક્યાં હોવાની બાબત અહીં ચેરમેનશ્રીએ સૌને જણાવી હતી. વધુમાં લોનના વ્યાજદરો રીવાઈઝ કરાવીને વર્ષે ૩૫ કરોડ રૂપીયાની બચત કરી હોવાની બાબતથી શંકરભાઈએ સૌ પશુપાલકોને અવગત કર્યા હતા. જીલ્લાની આર્થિક સુખાકારીની સાથે સાથે અહીંના નાગરિકોને સ્વાસ્થ સંબંધિત ઉત્તમ સેવાઓ પ્રાપ્ત થાય તેવા લક્ષ્ય સાથે મેડીકલ કોલેજ અને અત્યાધુનીક હોસ્પિટલના નિર્માણનું જે કાર્ય બનાસ ડેરી દ્વારા થઈ રહ્યું છે તેનાથી આવનારા સમયમાં આ વિસ્તારને ઉત્તમ ક્વોલીટીની તબીબી સેવાઓ મળશે અને સમગ્ર દેશમાં પ્રથમ એવી ખેડૂતો અને દૂધ ઉત્પાદકોની મેડીકલ કોલેજ અહીં બનશે તેમ ચેરમેનશ્રીએ જણાવ્યું હતુ. વધુમાં આ મેડીકલ કોલેજ અને હોસ્પીટલના મુળ માલીકો એવા પશુપાલકોને અહીં વિશેષ સેવાઓ મળે રહેશે તે બાબત પણ તેઓએ દોહરાવી હતી. બનાસ મેડીકલ કોલેજ અને અત્યાધુનિક હોસ્પિટલના નિર્માણ સ્થળનું અવલોકન પણ ચેરમેનશ્રીએ કર્યુંહતુ.





## ખેડબ્રહ્મા શહેર તેમજ તાલુકામાં મતદાતા જાગૃતિ રેલી યોજાઇ

આજ રોજ સ્વીપ નોડલ અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી સાબરકાંઠાના માર્ગદર્શન હેઠળ ખેડબ્રહ્મા તાલુકાના પ્રાથમિક શિક્ષકો મારફત બાઈક રેલી યોજવામાં આવી હતી. રેલીને તાલુકા પંચાયત ખેડબ્રહ્માથી માન્ય ડીપીઈઓ સાહેબ અને માન્ય મામલતદાર સાહેબે લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ રેલી દ્વારા સમાજમાં મેસેજ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો કે દરેક યોગ્યતા પ્રાપ્ત વ્યકિત મતદાન કરે અને મતદાતા જાગૃત બની કશાય લોભ લાલચ પ્રલોભનમાં આવ્યા વગર નૈતિક મતદાન કરે. આ પ્રસંગે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને બીઆરસી પિયુષ જોષીએ હાજર રહી સમગ્ર આયોજન કર્યુ હતું.

# અરવલ્લી જિલ્લામાં યમરાજાનો પડાવ : બે જુદા-જુદા અકસ્માતમાં બેનો ભોગ લેવાયો

ભિલોડા, તા.૧૬

અરવલ્લી જીલ્લામાં યમરાજાએ પડાવ નાખ્યો હોય તેમ ભિલોડાના ભાણમેર ગામના ત્રણ બાઈક ચાલક યુવકોની મોતની શાહી સુકાઈ નથી ત્યારે શામળાજી નજીક ભવાનપુર ગામ નજીક બાઈક ચાલકે સાયકલને પાછળથી અથડાવતાં સાયકલ ચાલક ૧૪ વર્ષના કિશોરનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું અન્ય એક ગમખ્વાર અકસ્માતમાં મેઢાસણ-સરડોઈ રોડ પર બોર્ડની પરીક્ષાર્થીને સરડોઈ સેન્ટર પર બાઈક લઈ પરીક્ષા અપાવવા નીકળેલ બાઈકચાલકની બાઈક સાથે સામેથી આવતી બાઈક ધડાકાભેર અથડાતા ચીચણો ગામના ૬૦ વર્ષીય આધેડ ઘઉંનો પાક ઉતરવા દાતરડા લઈ પરત ફરતા રસ્તામાં જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. અન્ય મહાદેવપુરનો ૧૮ વર્ષીય યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ બોર્ડની પરીક્ષાર્થી વિદ્યાર્થિનીને



હિંમત આપી બોર્ડ સેન્ટર પહોંચાડી માનવતા દાખવી હતી. બંને બાઈકના ભુક્કા નીકળી ગયા હતા.

શામળાજી-મોડાસા ભવાનપુર ગામ નજીક દુકાને હાર્દિક ગોવિંદભાઈ ખાંટ (ઉં.વર્ષ-૧૪) ધોરણ-૯ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી ઘરે થી સાયકલ લઈ ખરીદી કરી પરત ફરતો હતો પાછળથી અજાણ્યા બાઈક ચાલકે તેની બાઈક (ગાડી.નં-જીજે ૦૪ છન ૩૬૬૩ ) પાછળથી સાયકલને અથડાવતાં સાયકલ સવાર હાર્દિકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું બાઈક ચાલક સહીત બાઈક સવાર અન્ય બે વ્યક્તિ ઈજાગ્રસ્ત થતા ત્રણે બાઈક ઘટનાસ્થળે મૂકી ફરાર થઈ ગયા હતા. શામળાજી પોલીસે મહેશભાઈ રૂપાભાઈ ખાંટ (રહે. ભવાનપુર)ની ફરિયાદના આધારે અજાણ્યા બાઈકચાલક શખ્સ વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મહાદેવપુર ગામના ધો-૧૦ના વિદ્યાર્થીને બોર્ડની પરીક્ષાનું સેન્ટર સરડોઈ હાઈસ્કૂલમાં હોવાથી પરિવારજન સાથે બાઈક પર મેઢાસણ-સરડોઈ રોડ પરથી પસાર થતા સરડોઈ તરફથી આવતા બાઈક ચાલક સાથે ઓવર ટેઈક કરવાની લાહ્યમાં બંને બાઈક ધડાકાભેર અથડાતા ચીચણો ગામના રજુસિંહ મોતીસિંહ ચૌહાણ (ઉં.વર્ષ-૬૦) ઘટનાસ્થળે પ્રાણપંખેરું ઉડી ગયું હતું. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ઈજાગ્રસ્ત બાઈક ચાલક યુવકને મોડાસા ખાનગી હોસ્પિટલમાં સારવાર ખસેડાતા બાઈક ચાલક યુવકની હાલત ગંભીર હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

# ધો. ૧૦ અને ૧૨ની ફરીક્ષા કોપી કેસ વિના લેવાઈ

હિંમતનગર, તા. ૧૬

માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ચાલી રહેલી ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષાના ભાગરૂપે શનિવારે અંગ્રેજી અને હિન્દીનું પેપર હતુ તેમાં કોઈપણ કોપીકેસ નોંધાયો ન હતો અને કોપીકેસ વિના સંપન્ન થઈ હતી.

ધો. ૧૦માં અંગ્રેજીના પેપરમાં ૨૬૫૧૦ પૈકી ૨૫૮૬૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને ૬૪૧ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા તેજ પ્રમાણે સંસ્કૃત માધ્યમના અંગ્રેજી નિમ્ન સ્તરીય દ્વિતીય ભાષામાં ૧૬ પૈકી ૧૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જ્યારે ચાર ગેર હાજર રહ્યા હતા. ઉપરાંત ધો. ૧૨ સામાન્ય પ્રવાહના હિન્દીના પેપરમાં ૩૮૭૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જ્યારે ૧૨૨ વિદ્યાર્થીઓ ગેરહાજર હતા. વિજ્ઞાન પ્રવાહના અંગ્રેજી પ્રથમ ભાષાના પેપરમાં ૩૪૦ પૈકી ૧ ગેરહાજર રહેતા ૩૩૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

# પોશીનાના દેડકામાં પિતાની હત્યા કરનાર કુપુત્રને આજીવન કેદ

હિંમતનગર, તા. ૧૬

પોશીના તાલુકાના દેડકા ગામે ત્રણ વર્ષ અગાઉ પિતા પાસેથી જમીનનો ભાગ લેવા બાબતે પુત્રએ આવેશમાં આવી જઈ ઉશ્કેરાઈ જઈ પોતાના પિતા પર તિક્ષ્ણ હથીયારથી હુમલો કરી મરણતોલ ઈજા પહોંચાડતા તેમનું મોત નિપજ્યુ હતુ તથા પોતાના ભાઈઓને પણ માર મારી ઘાયલ કર્યા હતા. જે અંગેની ફરીયાદ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધાયા બાદ પોલીસે આ કેસમાં ચાર્જશીટ તૈયાર કરી ઈડરની એડીશનલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ કોર્ટમાં રજુ કર્યા બાદ આ કેસનો શુક્રવારે ચુકાદો આવતા તેમાં ન્યાયાધીશે પુરાવા અને દલિલોને સાંભળ્યા બાદ પિતાની ઘાતકી હત્યા કરનાર કુપુત્રને આજીવન કેદની સજા તથા દંડ ફટકાર્યો હતો.

આ અંગેની વિગત એવી છે કે પોશીના તાલુકાના દેડકા ગામે રહેતા હાંસાભાઈ હોનાભાઈ પરમારની મિલ્કતમાંથી તેમણે અગાઉ ત્રણ દિકરાઓને જમીનનો ભાગ આપ્યો હતો. જોકે ચોથાભાગની જમીન હાંસાભાઈએ પોતાની પાસે રાખી હતી. દરમિયાન વર્ષ ૨૦૧૬ની તા. ૫ જુલાઈના રોજ તેમની દિકરી અમીયાબેનના લગ્નની જાન કેળવાકુવા ગામેથી આવ્યા બાદ સમાજના રીતરીજાવજ મુજબ જાન વળાવી તેઓ પોતાના ઘરે પરિવારજનો સાથે જઈ રહ્યા હતા. દરમિયાન તેમના પુત્ર પ્રભુભાઈએ એકદમ ઉશ્કેરાઈ જઈ પિતા હાંસાભાઈ સાથે ઝઘડો કરી માન મર્યાદા રાખ્યા વિના તુ મને જમીન કેમ આપતો નથી તેમ કહી ઉશ્કેરાઈ જઈ પ્રભુભાઈએ તેમના પિતા હાંસાભાઈ પર છરી વડે છાતીમાં તેમજ હાથ પર હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડતા તેમનુ ઘટનાસ્થળે મોત નિપજ્યુ હતુ. જોકે ઉશ્કેરાયેલા પ્રભુભાઈએ ઝઘડો કરતા પિતાને છોડાવવા માટે વચ્ચે પડેલા ગોવિંદભાઈ અને નાગજીભાઈને પણ છરી વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી. જેથી બંનેને સારવાર માટે ખસેડાયા હતા.

બીજી તરફ કુપુત્રએ પિતા તેમજ ભાઈઓ પર હુમલો કરતા તે અંગે સ્થાનિક પોલીસને ખબર પડતા પોલીસે ઘટનાસ્થળે જી પ્રભુભાઈ પરમારની ધરપકડ કરી લીધી હતી. અને તેમની વિરૂદ્ધ ફરીયાદ નોંધવામાં આવી હતી. ત્યારબાદ પોલીસે તપાસ પૂર્ણ કરીને તેની ચાર્જશીટ ઈડરની એડીશનલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ કોર્ટના ન્યાયાધીશ કે.એ. પઠાણની કોર્ટમાં રજુ કરી હતી. જે અંગેનો કેસ શુક્રવારે કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ પ્રણવ સોની દ્વારા રજુ કરાયેલા પુરાવા તથા તાર્કીક દલીલો સાંભળ્યા બાદ પ્રભુભાઈ પરમારને ઈપીકો કલમ ૩૦૨ અને ૩૦૭ના ગુનામા આજીવન કેદની સજા ફટકારી હતી.